ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રવીન્દ્રકુમાર ચિત્તરંજન રાવલ
મો. ૯૯૦૪૦ ૭૬૪૭૩

## આરટીઈના બીજા તબક્કાનો લાભાર્થીઓને ઈંતઝાર

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં પ્રવેશોત્સવ સહિતના કાર્યક્રમો પૂર્ણ થઈ ચુક્યા છે. શાળાઓ શરૂ થયાને એક સપ્તાહ જેટલો સમય પસાર થઈ ચુક્યો છે છતાં હજુ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ બીજા તબક્કામાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ-વાલીઓ ક્યારે પ્રવેશ થશે તેની રાહ જોઈ રહ્યા છે.

બીજા તબક્કાની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે તેવી જાહેરાત જે-તે સમયે કરવામાં આવી હતી. રાજ્યમાં ચાલતા પ્રવેશોત્સવ સહિતના કાર્યક્રમોના કારણે બીજા તબક્કાની કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો છે તેવા કારણો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓ દ્વારા આપવામાં આવતા હતા. વાલીઓ કહે છે હવે તો આવા કાર્યક્રમો પણ પૂર્ણ થઈ ચુક્યા છે, છતાં આરટીઈ હેઠળ પ્રવેશ માટેની બીજા તબક્કાની કાર્યવાહી ક્યારે થશે તે અંગે કોઈ નિશ્ચિત મુદત આપવામાં આવતી નથી.

બીજા તબક્કામાં જે તે સ્કૂલમાં પ્રવેશ મળી જશે તેવી આશા રાખતાં વાલીઓએ પોતાના સંતાનો માટે હજુ સુધી અન્ય કોઈ સ્કૂલોમાં પ્રવેશ લીધો નથી. હાલમાં સ્કૂલો ચાલુ થઈ તેને એક સપ્તાહ જેટલો સમય થઈ ચુક્યો છે. તમામ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કરી દેવાયુ છે.

આ સ્થિતિમાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને બીજા તબક્કામાં પ્રવેશ આપવા અંગે હજુ કોઈ કાર્યક્રમ નક્કી નથી. ઉલટાનું ઉપરથી સૂચના આવશે ત્યારે બીજા તબક્કાની કાર્યવાહી કરાશે તેવા જવાબો આપે છે. પહેલા તબક્કાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હવે સરકારને બીજા તબક્કામાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સારી સ્કૂલોમાં પ્રવેશ મળે તે માટે કોઈ રસ નથી તેવા આક્ષેપો વાલીઓ કરી રહ્યા છે.

## એસસી/એસટી કર્મચારીઓને પ્રમોશનમાં રિઝર્વેશનનો નિયમ લાગુ

ગાંધીનગર, તા. ૧૭

કેન્દ્ર સરકારે એસસી/એસટી કર્મચારીઓને પ્રમોશનમાં રિઝર્વેશનનો નિયમ લાગૂ કરી દીધો છે. આ સંબંધમાં દિશા-નિર્દેશ રજૂ કરી દેવાયો છે. રજૂ કરાયેલા નિર્દેશ પ્રમાણે તમામ રાજ્ય સરકારો અને વિભાગોને કહ્યું કે તેઓ સુપ્રીમ કોર્ટના અંતરિમ આદેશને ધ્યાનમાં રાખી નિર્દેશનું પાલન કરે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતં કે આ કેસ સંવિધાન બેન્ચમાં છે, આથી તેના પર આખરી નિર્ણય લેવાનો અધિકાર તેમની પાસે છે. સંવિધન બેન્ચ જ્યાં સુધી આ કેસમાં નિર્ણય લેતી નથી ત્યાં સુધી કેન્દ્ર સરકાર એસસી/એસટી સરકારી કર્મચારીઓને પ્રમોશનમાં આરક્ષણ આપતી રહેશે.

એક અખબારમાં છપાયેલા રિપોર્ટ પ્રમાણે શ્રમ મંત્રાલયે સ્પષ્ટતા કરી દીધી છે કે આ નિર્દેશ ત્યાં સુધી પ્રભાવી રહેશે જયાં સુધી સુપ્રીમ કોર્ટનો આખરી નિર્ણય આવતો નથી. આની પહેલાં સુપ્રીમ કોર્ટમાં સુનવણી દરમ્યાન સરકારની તરફથી પૈરવી કરવા પહોંચેલા મોટાભાગના સોલિસ્ટિર જનરલ મનિંદર સિંહે કહ્યું હતું કે કર્મચારીઓને પ્રમોશન આપવું સરકારની જવાબદારી છે.

## ટ્રેનમાં મળતા ભોજનનું વજન ૧૫૦ ગ્રામ સુધી ઘટાડી ગુણવત્તા સુધારાશે

ગાંધીનગર, તા. ૧૭

હવે રેલવેનું ભોજન કદાચ પહેલાં જેવું નહીં રહે. સરકારી ઓડિટર અને અનેક યાત્રિકો તરફથી ટ્રેનોમાં ખરાબ ભોજન પીરસાતું હોવાની વારંવારની ફરિયાદો સાંભળ્યા બાદ હવે ભારતીય રેલવે ભોજનની ગુણવત્તા માટે તેની માત્રાને ઓછી કરવા જઈ રહ્યું છે. આ યોજના પહેલાં રાજધાની અને શતાબ્દી જેવી પ્રિમીયમ ટ્રેનોથી શરુ થશે. રેલવેની આ પહેલ બાદ ટ્રેનમાં મળનારા ભોજનનો વજન ૧૫૦ ગ્રામ સુધી ઘટી શકે છે.

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી)એ આ પ્રસ્તાવ રાખ્યો છે જેના હેઠળ ટ્રેનમાં મળનારા ભોજનની આઈટમ્સ જેમ કે સૂપ, બ્રેડ સ્ટિક્સ, બટર અને સેન્ડવીચ યાત્રિકોની પ્લેટમાંથી ગાયબ થઈ શકે છે. આ ઉપરાંત ભોજન આપવાની જગ્યાએ હવે રેલવે યાત્રિકોને માત્ર વેજિટેરિયન અને નોન વેજિટેરિયન રાઈસ કોમ્બો જ આપવામાં આવી શકે છે. કેટરિંગ નિષ્ણાતોની એક પેનલે આઈઆરસીટીસીને જણાવ્યું કે ટ્રેનમાં અપાનારા ભોજનનો વજન ૯૦૦ ગ્રામ હોય છે જ્યારે એક સામાન્ય ભારતીયને ૭૫૦ ગ્રામ ભોજનની જ જર હોય છે. આ જ કારણથી આઈઆરસીટીસીને ઘણું નુકસાન ઉઠાવવું પડે છે. અત્યારે આઈઆરસીટીસીને એક પ્લેટ ઉપર ૧૧૨ પિયા મળે છે જ્યારે તેની વાસ્તવિક કિંમત ૧૫૦ રુપિયા પ્રતિ પ્લેટથી પણ વધુ થઈ ચૂકી છે.

રેલ મંત્રાલયના એક સિનિયર અધિકારીએ જણાવ્યું કે ટ્રેનમાં પીરસાતાં ભોજનની ગુણવત્તા યથાવત રાખવી મુશ્કેલ થતી જઈ રહી છે કેમ કે યાત્રિકોને ઓછી કિંમતે વધુ માત્રામાં ભોજન આપવામાં આવી રહ્યું છે. સાથોસાથ તેમણે કહ્યું કે આ નવી પહેલના ભોજનની ક્વોલિટી નિશ્ચિત કરવામાં ઘણી મદદ મળશે.

## હવે બેન્કમાં દાવેદાર નહિ હોય તેવા પૈસા પર ઓછું વ્યાજ મળશે

ગાંધીનગર, તા. ૧૭

બેંકમાં જમા કરેલા કેસ અંગે એક નિયમમાં મોટા ફેરફારો થયા છે. નવા પરિવર્તન મુજબ, હવે બેંકમાં તે પૈસા પર ઓછું વ્યાજ મળશે, જેનુ કોઈ દાવેદાર નથી. બેંક આ નાણાંને ડિપોઝિટ એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (ડીઈએએફ) માં ટ્રાન્સફર કરે છે. આ ખાતામાં જમા રકમ પર ૩.૫ ટકાના દરે સામાન્ય વ્યાજ મળશે.

આ નિયમ એક જુલાઈ, ૨૦૧૮ થી લાગુ છે અત્યાર સુધી અહી વ્યાજદર ૪ ટકા છે. તાજેતરના રિપોર્ટમાં જણાવાયું છે કે બેંક ખાતાઓમાં જમા દાવા વગર રેકોર્ડ ૮૦૦૦ કરોડના સ્તરે પહોંચી ગયો છે. કડક કેવાયસી નિયમોને કારણે આ ફંડ્સ દૂર કરવો મુશ્કેલ થઈ ગયો છે. વારંવાર આ રકમ ખાતાધારકના મૃત્યુના કારણે રહી જાય છે. આ રકમ ત્યારે નિકળી શકે જ્યારે મૃતકના પરિવારજનો આ રકમ પર દાવો સાબિત કરે છે.

નવો નિયમ- ખાતામાં જમા પૈસા પર દાવો કરવામાં આવે છે તેને ડીઆઈએએફ ટ્રાન્સફર કરતી વખતે બેંકને ડિપોઝિટર અથવા દાવેદારને એક નિશ્ચિત દર પર વ્યાજ આપવુ પડે છે. તેને ભારતીય રિઝર્વ બેંક નક્કી કરે છે. આ રકમમાં ત્યારે જ રીતે આપવામાં આવે છે, જ્યારે આ નાણાંનો દાવાદાર આગળ આવે છે. જો કોઈ પૈસા પર કોઈ દાવો ન કરે તો પણ ડિપોઝિટ એજ્યુકેશન અને અવેરનેસ ફંડમાં પૈસાને ટ્રાન્સફર કરવા પર બેંક વ્યાજ આપે છે.

દસ વર્ષ પૂરા થયા બાદ પણ ડિપોઝીટર તેની રકમ પર દાવો કરી શકે છે. તેમને પોતાના ખાતાને ઓપરેટ કરવા માટે પણ આઝાદી હોય છે પછી ભલે તેના ખાતામાં જમા પૈસાને ડીએઆએફ ટ્રાન્સફર કરાવી દીધા હોય. બેંક ખાતાધારકને તેના ખાતામાં જમા કરાવવા માટેનું બંધન હોય છે તે ફંડથી આ પ્રકારનુ રિફંડ કરવા માટે કહે છે.

# ફી નિર્ધારણનો લાભ વાલીઓને ક્યારે ?

## અનેક સ્કૂલ્સે ફી ન ઘટાડતાં વાલીઓને હજુ રાહત નહીં

ગાંધીનગર, તા. ૧૭

સરકારની અનેક જાહેરાતો અને વાલીઓને આશ્વાસન છતાં ખાનગી શાળાઓની બેફામ ફી પર સકંજો લાદી શકાયો નથી અને ફી નિર્ધારણનો કાયદો બનાવવા છતાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પણ ફી ઘટાડાનો મોટો લાભ મળી શકયો નથી. કેટલીક શાળાઓએ ફી નિર્ધારણ સમિતિ દ્વારા જે ફી નક્કી કરાઈ તેનો અમલ કર્યો છે પરંતુ અનેક શાળાઓ દ્વારા જે ફી લેવામાં આવે છે તેમાં ઘટાડાનો લાભ મળવા પામ્યો નથી. ઉલટાનું કેટલીક શાળાઓએ કિન્નાખોરી રાખીને જે વાલીઓએ ફી ઘટાડા માટે આંદોલન કર્યું હોય કે શાળા સામે કોઈપણ પ્રકારે રજૂઆત કરી હોય તેમની સામે બદલો લેવાનું શરૂ કરી તેમના સંતાનોને એલ.સી. આપી દેવા કે બીજી સ્કૂલમાં જવા દબાણ કરી રહ્યાનું બહાર આવી રહ્યું છે.

નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા સાથે જ વાલીઓને ફી ભરવાનું આવતા દરેક શાળાઓમાં પ્રોવિઝનલ ફીના નામે તેમણે જે ફી નક્કી કરી હોય તે જ ભરવા માટે કહી દેવાતા સરકારના કાયદાનું શું થયું તે સવાલ ઊભો થયો છે. જે શાળાઓ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ આવે છે તેમની ફી નક્કી કરવામાં આવે છે. જો કે, મોટાભાગની શાળાઓની ફી નક્કી થઈ છે તેમાં વાલીઓને બહુ મોટો ફાયદો થઈ રહ્યો નથી. ગણતરીની શાળાઓ દ્વારા જ વાલીઓની અપેક્ષા મુજબ ઘટાડો થવા પામ્યો છે. કેટલીક ખાનગી શાળાઓની ફી ધરખમ નક્કી થવા પામી છે. કેટલીક શાળાઓએ ઈતર ફીના નામે પણ તેમણે નક્કી કરેલી ફી ઉઘરાવી છે. જે શાળાઓ ખરેખર ધરખમ ફી ઉઘરાવતી હતી તે સુપ્રીમ કોર્ટમાં પહોંચી જતા તે હજુ ફી સમિતિ સમક્ષ ગઈ જ નથી એટલે તેના વાલીઓને તો કોઈ રાહત નથી.

ફી નિર્ધારણનો કાયદો લાવ્યા બાદ શિક્ષણ વિભાગે મોટાપાયે વાલીઓને એવી ખાતરી આપી હતી કે બેફામ રીતે ફી ઉઘરાવતી શાળાઓ પર લગામ લગાવાશે અને વાલીઓને સરકાર નક્કી કરે તે કટ ઓફ ધોરણમાં ફી ભરવાનું આવતા આર્થિક રીતે મોટી રાહત મળશે. જો કે કેટલાક શાળા સંચાલકો સામે સરકારની કોઈ કારી ફાવી ન હતી.

હાલ સ્થિતિ એવી છે કે શિક્ષણ વિભાગ પણ સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચી જતા હવે કાયદાનો કેવી રીતે અમલ કરાશે તે કહી શકે તેમ નથી. ૨૦૧૭-૧૮ના વર્ષ માટે કાયદાનો અમલ થવાનો હતો તે સત્ર પૂર્ણ થઈ ગયું છે અને ૨૦૧૮-૧૯નું નવું સત્ર પણ શરૂ થઈ ગયું છે. કેટલાક વાલીઓ સામે શાળાઓએ કિન્નાખોરી રાખીને તેમને ધમકાવતા, એલસી આપી દેતા કે અન્ય રીતે હેરાન કરવાની પણ શરૂઆત કરી દીધી છે. ત્યારે વાલીઓ આવી શાળાઓ સામે શિક્ષણ વિભાગ સામેથી પગલાં લે તેની રાહ જોઈને બેઠા છે.

## આ પણ જાણો



રેતનું વાવાઝોડું એટલું ભયંકર હોય છે કે તે આખા શહેરને દફન કરી શકે છે.

## અંદરથી ઊંચાઈ હોય તો સર્જનમાં ઊંચાઈ આવે

ગાંધીનગર, તા. ૧૭

કવિ રામપ્રસાદ શુકલના ૧૧૧માં જન્મ દિવસે ઓમ કોમ્યુનિકેશન દ્વારા 'સમય નજરાયો' ઉપક્રમ યોજાયો હતો. જેમાં તેમના પુત્ર અભિનવ શુક્લે પિતાના જીવન વિશે વાત કરી તેમજ કવિ ચંદ્રકાન્ત શેઠે સાહિત્યસૃષ્ટિ વિશે વાત કરી હતી.

કવિ ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે, માણસ અંદરથી ઊંચો ન હોય તો એના સાહિત્યમાં સત્વ નથી આવતું. અંદરથી ઊંચાઈ હોય તો સર્જનમાં ઊંચાઈ આવે છે, તો જ મનસા વાચા કર્મણા પ્રગટ થાય. સરિતાઓના સાનિધ્યમાં તેમના પુસ્તકમાં એટલું ઊંડું વર્ણન અને એટલી માહિતી આપી છે. એટલા નિખાલસ હતા કે, મોટપનો ભાર નહિ, કેટલાકને તો મોટપ ચડે છે. આ પણ મેં જોયું છે. આમાંથી મુક્ત થવાય તો સારુ. એમના સંપર્કમાં આવ્યો ત્યારે લાગ્યું કે, આ માણસ બહુ ભર્યો ભર્યો છે. હું તમને બહુ ચોખ્ખા શબ્દોમાં કહેવા માગું છું કે, ઉમાશંકર અને સુંદરમમાં જે તાકાત હતી એનાથી જરા પણ ઓછી રામપ્રસાદમાં નહોતી, આ હું બહુ અભ્યાસથી કહું છું. જે ભાષાનો ધોધ આ માણસ પાસે છે, સંસ્કૃત સાહિત્યનું જ્ઞાન એટલું કે એમની પદાવલિઓમાં સંસ્કૃત શબ્દોનો શુમાર બેશુમાર છે.

જયારે અભિનવ શુકલે જણાવ્યું હતું કે, એલિસબ્રિજ પરથી પાણી વહી જતું ત્યારે તેઓ બ્રિજ પરથી પાણીમાં ધુબકાં મારતાં. એ પ્રકૃતિ સાથે જોડાયેલા વ્યક્તિ હતાં. પોતાના બાળપણનાં સંસ્મરણો વાગોળતાં અભિનવ શુકલે જણાવ્યું હતું કે, મોરારજી દેસાઈના ખોળામાં હું રમ્યો છું. ઈન્દુલાલ આવતા ત્યારે તો તેમના માટે ખાદીના ઝભ્ભો લેંઘો લાવવાની જવાબદારી મારી રહેતી. રાવજી પટેલ અમારી સોસાયટીમાં રહેતાં, ત્યારે મારા પિતા કહેતાં કે, રાવજી ક્રિકેટ શીખી જશે, પણ તમે કવિતા નહિ શીખો.

## હવે એસટી નિગમ પોતાના જ વર્કશોપમાં નવી બસો બનાવશે

ગાંધીનગર,તા.૯

ઘણીવાર એવું ધ્યાને આવ્યું છે કે એસટી બસમાં સલામતીનો પ્રશ્ન ઉભો થયો હોય. છેલ્લા ઘણા વર્ષોથી એસટી નિગમ દ્વારા એસટી બસ બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીઓને આપવામાં આવે છે જો કે ખાનગી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલી બસોની ગુણવત્તા પર અનેક વાર પ્રશ્નો ઉભા થયા છે. કરોડો રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હોવા છત્તા પણ મુસાફરો માટે સલામતીની ગેરન્ટી હોતી નથી, ત્યારે એસટી નિગમે હવે આ મામલે નવો નિર્ણય લીધો છે. એસટી નિગમે પોતાના જ વર્કશોપમાં નવી બસો બનાવવા માટેનો નિર્ણય કર્યો છે. એસટી નિગમ દ્વારા બનાવવામાં આવનારી તમામ બસો મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. નવી બસોમાં બેટરી બૉક્સ, મેઈન વાયરીંગ, રીયર ડેકી, રૂફ સ્ટીક ડિઝાઈન, ગસેટ, વિન્ડો, વિન્ડ સ્ક્રીન ગ્લાસ ફ્રેમ માઉન્ટીંગ, સ્ટ્રક્ચર માઉન્ટીંગ, મેઈન્ટેનસ સર્વિસ કટ આઉટ, ટૂલ બોક્સ, અપર સાઈડ પેનલીંગ, ફ્રન્ટ અને રિયર શો, સીટીંગ એરજમેન્ટ વગેરેમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તો આ સાથે જ એસટી બસમાં આગ ના લાગે તે માટે કંડક્ટરની બાજુમાં એક અલગ જ બૉક્સ મુકવામાં આવશે.

# બિહારમાં દારૂબંધીને કારણે લોકો ફ્લેવર્ડ દૂધ-લસ્સી તરફ વળ્યા

ગાંધીનગર, તા. ૧૭

બિહારમાં દારૂબંધી કાયદો લાગુ સતત ચર્ચાનો વિષય રહ્યો છે. સરકાર તેને સફળ નિર્ણય ગણાવી રહી છે જ્યારે વિરોધ પક્ષ તેને નિષ્ફળ બતાવે છે. દારૂબંધી બિહારમાં કેટલી સફળ રહી અને કેટલી નિષ્ફળ એ તો સમય જ બતાવશે પરંતુ દારૂબંધી બાદ રાજ્યમાં ડેરી સેક્ટરને ખુબ જ લાભ થયો છે. તેવી જ રીતે દારૂબંધી બાદ બીજા કેટલાક ક્ષેત્રોમાં પણ વેચાણમાં વધારો જોવા મળી રહ્યો છે.

પટનાના વિકાસ પ્રબંધન સંસ્થાના એક રિસર્સમાં જાણવા મળે છે કે, ૨૦૧૬-૧૭માં પહેલાની સરખામણીમાં અગાઉની સરખામણીમાં દૂધથી બનેલી વસ્તુઓમાં ૧૭.૫ ટકાનો વધારો થયો છે. ડેરી ઉત્પાદનોમાં લસ્સી, દહી, ફ્લેવર્ડ દૂધના વેચાણમાં વધારો જોવા મળ્યો છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, જો તેમાં પ્રાઈવેટ કંપનીઓના આંકડાઓ પર નજર કરવામાં આવે તો વેચાણનો આંકડો વધારે હોઈ શકે છે. એક અહેવાલ પ્રમાણે, બિહારમાં મધના વેચાણમાં લગભગ ૪૦૦%, તો પનીરમાં ૨૦૦ વધારો નોંધાયો છે. અહેવાલમાં એ પણ જાણવા મળ્યું છે કે, બિહારમાં દારૂબંધી બાદ માત્ર ડેરી ઉત્પાદનોમાં જ નહીં પરંતુ મોંઘી સાડીઓના વેચાણમાં તો ૧૭૧૫% ટકાનો, તો પ્રોસેસ્ડ ફૂટમાં ૪૬% અને ડ્રેસ મટિરિયલમાં ૯૧૦%નો વધારો થયો છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે, દારૂબંધી લાગુ થયા બાદ લોકોનું ધ્યાન હવે અન્ય ચીજવસ્તુઓ તરફ દોરાયું છે અને લોકો તેની ખરીદીમાં રસ પણ ધરાવે છે.

સારી વાત એ પણ છે કે, દારૂબંધી બાદ એન્ટર્ટેન્મેન્ટ ટેક્ષમાં પણ ૨૯ ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે બિહારમાં ચાર પૈડાના વેચાણમાં ૩૦ ટકા, ટ્રેક્ટરના ૨૯ અને ત્રણ પૈડા અને દ્વિચક્રી વાહનોના વેચાણમાં ૩૨%નો વધારો જોવા મળી રહ્યો છે.

બિહારમાં દારૂબંધી લાગૂ કરવામાં આવી તે સમયે રાજ્યમાં દારૂનું સેવન કરનારાઓની સંખ્યા ૪૪ લાખથી પણ વધારે હતી. જે મહિને સરેરાશ એક હજાર રૂપિયાનો દારૂ પી જતાં હતાં. પરંતુ દારૂબંધી બાદ દરમહિને લગભગ ૪૪૦ કરોડ રૂપિયા બચાવવામાં આવ્યા અને વર્ષે ૫૨૮૦ કરોડ રૂપિયાની બચત થઈ. સાથે જ દારૂબંધી બાદ અપરાધિક ઘટનાઓ જેવી કે અપહરણમાં ૬૬.૬ %, હ અત્યામાં ૨૮.૩% અને લૂંટફાટમાં ૨૨.૮%નો ઘટાડો જોવા મળી રહ્યો છે.

# મોંઘવારી વધતાં વ્યાજદરમાં વધારાની વકી

ગાંધીનગર, તા. ૧૭

ફુગાવાનો દર વધીને ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી જતા રિઝર્વ બેંક આગામી ઓગસ્ટ માસ દરમિયાન ફરી એકવાર વ્યાજદરમાં વધારો કરે તેવી સંભાવના એનાલીસ્ટોએ વ્યક્ત કરી હતી. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આગામી સમય દરમિયાન વિવિધ પરિબળોના પગલે કોર અને હેડલાઈન ફુગાવા પર દબાણ જળવાશે. જે જોતા ઓગસ્ટ માસ દરમિયાન રિઝર્વ બેંક ફરી એકવાર વ્યાજદરમાં વધારો કરે તેવી સંભાવના છે.

ફુગાવાને લક્ષ્યમાં રાખીને કાર્યરત રિઝર્વ બેંકને તાજેતરમાં ફુગાવામાં વધારો થતા પોલિસીને વધુ આકરી બનાવવા નિર્ણય લેવો પડશે. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે તાજેતરમાં જ ઔદ્યોગિક સંગઠન સીઆઈઆઈ દ્વારા રેપોરેટમાં વધારો કરવાથી ઉદ્યોગોના ખર્ચમાં વધારો થશે અને કોર્પોરેટ ક્ષેત્ર નવા રોકાણના મોરચે ધીમું પડશે તેમ જણાવ્યું હતું. રેટિંગ એજન્સી ફીચ દ્વારા ૨૦૧૮- ૧૯ના વર્ષ દરમ્યાન ભારતના વૃદ્ધિદરના લક્ષ્યાંકમાં વધારો કર્યો છે. જો કે, બીજી તરફ ક્રુડના વધતા ભાવની ચિંતા યતાવત્ રાખવા સાથે તેને એક મોટું જોખમ ગણાવ્યું હતું.

ચાલુ ૨૦૧૮- ૧૯ના વર્ષ માટે ફીચ દ્વારા ભારતના વૃદ્ધિ દરનો લક્ષ્યાંક વધારીને ૭.૪ ટકા કરાયો હતો. જે અગાઉ ૭.૩ ટકા અંદાજાયો હતો જ્યારે ૨૦૧૯-૨૦ માટે એજન્સીએ ૭.૫ ટકાનો વૃદ્ધિદર અંદાજ્યો હતો.

આ રિપોર્ટમાં ફીચે વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે એશિયન કરન્સીઓમાં ભારતીય રૂપિયાએ નબળો દેખાવ કર્યો છે. આ સ્થિતિ વધુ પ્રતિકૂળ બને તેવી સંભાવના છે. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે યુ.એસ.એ. સ્થિત મુડીઝ એજન્સીએ ક્રુડના વધતા ભાવોને ધ્યાનમાં રાખીને થોડા સમય પહેલાં ભારતના વૃદ્ધિદરનો અંદાજ ૭.૫ ટકાથી ઘટાડીને ૭.૩ ટકા કર્યો હતો.

વિશ્વના ઝડપથી વિકસતા ઉડ્ડયન બજાર ભારતમાં સ્પર્ધા તીવ્ર બની છે ત્યારે ભારતીય કંપનીઓએ સારા વળતર માટે આંતરરાષ્ટ્રી બજારમાં વિસ્તરણ કરવા ભણી નજર દોડાવી છે, જેથી તેમના નફાનું રક્ષણ કરી શકાય. વૈશ્વિક વિમાની કંપનીઓનો નફો પ્રાદેશિક તફાવતો વચ્ચે ૨૦૧૫થી મજબૂત રહ્યો છે, જ્યારે ભારતીય એરલાઈન્સોએ નફાકારક બનવા સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ચાર વર્ષના સમયગાળામાં ૯૦ ટકા જેટલી સીટ ભરવા છતા અને પેસેન્જરોની સંખ્યા બમણી થવા છતાં આ સ્થિતિ છે. સિંગાપોર એરલાઈન્સના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર સ્ટીફન બાર્નેસે જણાવ્યું હતું કે સ્થાનિક બજાર અત્યંત મુશ્કેલ છે અને ઘણું આકરું છે તથા ભાવસંવેદી છે. અહીં પ્રીમિયમ પ્રોડક્ટ માટે પ્રીમિયમ મેળવવું અત્યંત મુશ્કેલ છે.

## કેનેડામાં પરમેનેન્ટ રેસીડેન્સી માટે સૌથી વધુ અરજીઓ ભારતીયોની

ગાંધીનગર, તા. ૧૭

કેનેડાનાં એક્સપ્રેસ ઈમિગ્રેશન સેંટર દ્વારા મોકલાયેલી પર્મેનેંટ રેસીડેંસી માટેની મંગાવેલી અરજીઓમાં ૮૬૦૨૨ અરજીઓ આવી છે જેમાંથી આશરે ૩૬,૬૧૦ અરજીઓ ભારતીયો એ કરી છે. કંટ્રી બેઝ્ડ ઈમિગ્રેશન પ્રોગ્રામ હેઠળ કરેલી આ અરજીઓમાં ૨૦૧૬માં ભારતીયો એ ૧૧૦૩૭ જેટલી અરજીઓ મળી હતી. જે આંકડામાં ૨૦૦ ટકા કરતાં પણ વધારો થયો છે. અને કુલ અરજીઓ પૈકી ની ૪૦ ટકા જેટલી અરજીઓ ભારતીયોની છે. જે પૈકી મોટા ભાગનાં નોકરીયાતો છે જેમાં સોફ્ટવેર એન્જિનિયર , ડેટા એનાલિસ્ટ, સિસ્ટમ એનાલિસ્ટ, હાઈડ્રો પાવર એન્જિનિયર અને અન્ય વિવિધ ક્ષેત્રોનાં નોકરીયાતો ઘણાં છે. અત્યાર સુધી કેનેડાની પી.આર. માટે આવેલો આ સૌથી વધુ વધારો છે.

આ પાછળ એવું કારણ જાણવાં મળે છે કે અમેરિકાએ વિઝા અને ગ્રીન કાર્ડ માટેનાં નિર્ણયો મજબુત બનાવતાં લોકો કેનેડા તરફ વળ્યાં છે. વર્તમાન ગ્રીન કાર્ડ માટે ૪ લાખ જેટલી અરજીઓ આવી છે જેમાંથી સૌથી વધું અરજીઓ ભારતીયોની છે. અને પર કંટ્રી રેકમેંડેશન બેઝડ ક્વોટા જોઈએ તો તે ફક્ત ૭ ટકા જેટલો જ છે. તે હિસાબે અમેરિકામાં વસવાં માંગતાં એક અરજદારે ૧૧૨ વર્ષ રાહ જોવી પડે તેમ છે.

# નારી સંવેદના જેવી નાજુક નવલિકાઓ : ધબકતું શિલ્પ

આસપાસના જીવનથી લેવાયેલ હોવા છતાં ભાવનાત્મક રીતે પ્રેમ સંવેદના, કરૂણા, દયા જેવાં માનવમૂલ્યો સાથે જીવી જનારી અસાધારણ ભૂમિકા નિભાવી જનારી સ્ત્રીઓને નાયિકાઓ રૂપે મૂકી સાધારણ વાત કે ઘટનાની તીવ્રતમ અનુભૂતિઓનું બયાન જે વાર્તાઓમાં ઊતરી આવ્યું છે અને કોઈ નામ, કોઈ ચહેરો, કોઈ ગામ-ગલી કે સરનામા વિના પણ દરેક સંવેદનશીલ સ્ત્રીને પોતાની લાગે તેવી વાર્તાઓની વાત કરવી છે.

'ધબકતું શિલ્પ' રેખાબા સરવૈયાનો વાર્તાસંગ્રહ છે. જેમાં કુલ ૧૫ વાર્તાઓ આપણને મળે છે. લેખિકા ગુજરાત સરકારમાં જીએસ અધિકારી તરીકે સેવાઓ આપે છે. તેઓ સમસ્ત સૃષ્ટિની રચના જેના વિના અધૂરી છે એવી કુદરતની પ્રાકૃતિક પ્રતિકૃતિ સમાન દરેક સંવેદનશીલ સ્ત્રીની ભાવનાઓની કદર કરવાની કોશિશ સાથે તેને આ સંગ્રહ અર્પણ કરે છે. 'સ્ત્રી અવતારની તરસ' રૂપે પોતાના નિજી બયાનમાં લેખિકા જણાવે છે કે થોડી વાર્તાઓ બાદ કરતાં સંગ્રહ નારીવાદી લાગી શકશે પણ એ જ અનુભૂતિ છે જે અંદરથી ઉમડીને લખાવી ગઈ છે. કુદરતે મને જે આપ્યું છે એની અનુભવશક્તિની તીવ્રતા અપાર છે. એના જ કેટલાક રંગોના લસરકાથી આ સંગ્રહની છબિ ચીતરવાનો એક સહજ પ્રયાસ છે. શક્ય છે કે કેટલાક રંગો અબળાની શક્તિને ઉજાગર પણ કરી જાય.

આ વાર્તાઓમાં 'જાગી ગયેલી સ્ત્રી'ની વાત તો છે જ. પણ જાગીને-જાણીકરીને જતું કરી દેનારી સ્ત્રીની વાત પણ છે. પોતાની જાત સાથે વફાદાર રહીને પરંપરા સામે બંડ પોકારનારી સ્ત્રીની વાત છે તો વળી અંગત રીતે નુકસાન વેઠીને જીવાતા જીવનની સપાટીથી ઊંચે ઊઠીને પોતાના આંતર જગતનું 'સબલીઝમ' - લેવલ સૅટ કરતી સ્ત્રીની પણ અહીં વાત છે.

સંગ્રહની પ્રથમ વાર્તા જેના પરથી વાર્તા સંગ્રહનું નામ રખાયું છે 'ધબકતું શિલ્પ'ની નાયિકા કલાકાર છે. કલાકારને પરણી છે. કલાકાર તરીકેસર્જકતા વિકસે, ફલિત થાય પછી જ સંતાન પ્રાપ્ત કરવાની સમજણ હતી પણ વિશ્વ વિખ્યાત થવા જતાં પતિના આગ્રહને વશ થઈને વાર્તાકથક નાયિકા માતૃત્વ ધારણ કરવા તૈયાર થાય છે. અહીં નાયિકાનું સંવેદન વિવિધ સ્થળ-કાળમાં વ્યક્ત થાય છે. ધોધમાર વરસાદ છે, પણ વર્તમાન એવો છે કે એ ભીંજાતી નથી. ચિત્રો-શિલ્પો જોતાં પસાર થતો સમય અને નાયિકાનું સંવેદન ફાયર પ્લેસની આગથી દાઝે છે. નાયિકાએ આવેગથી ધસી જઈને ગ્રીક શૈલીના એક નિર્વસ્ત્ર પુરુષના શિલ્પને તીવ્રતાથી આલિંગનમાં જકડી લીધું. પછીની ક્ષણોનું લેખિકા ઝીણવટથી વર્ણન કરે છે.

આ સંગ્રહની વાર્તાઓમાં અંતઃસ્ત્રોતા બનીને વહેતી તીવ્ર લાગણીઓ, સ્ત્રીના સમગ્ર વ્યક્તિત્વને અસરગ્રસ્ત કરી જતી હોય છે, તેની વાત લેખિકાએ કરી છે.

'અસ્ત્રીનો અવતાર' વાર્તા પુરુષ દ્વારા થતા પત્નીના અમર્યાદ યૌનશોષણને રેખાંકિત કરે છે તો વળી 'કાગળની હોડી' વાર્તા શ્રમજીવી પશુપાલક પરિવારની પરિસ્થિતિનું આલેખન કરતી સીધી ગતિમાં ચાલતી વાર્તા વાચકને લાગશે. 'મૃત્યુંજય' વાર્તાના કેન્દ્રમાં એક નવયુવાન છે-નીતિવિજય, જે માતા-પિતા, ત્રણ બહેનો, મિત્રો સહુનો વહાલો છે. મિત્રો સાથે જન્માષ્ટમીના દિવસે ભાદરના ડેમ પર ફરવા જાય છે. આનંદથી જીવવાનું કહેતો નીતિવિજય પોતાના અલ્પ આયુષ્યમાં આખી જિંદગીને સમેટીને વિદાય થઈ જાય છે. આ વાર્તા કહો કે સત્યકથા વીસ પાનાંના વિસ્તારમાં આલેખાઈ છે.

આ વાર્તાસંગ્રહમાં પ્રારંભે વરિષ્ટ સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો લેખ મળે છે, જે લેખિકાના નિવેદનને પ્રસ્તાવના રૂપે અનુસરતો લાગે છે. તમામ વાર્તાઓ વાંચનક્ષમ અને વાચકને જકડી રાખે તેવી છે, તે બદલ લેખિકાને ધન્યવાદ.

ધબકતું શિલ્પ (નાજુક નારી સંવેદનાની નવલિકાઓ)
લેખિકા : રેખાબા સરવૈયા
પ્રકાશક : હર્ષ પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭
કિંમત રૂા. ૧૨૫/-

- નટવર હેડાઉ

